# સુરતની અનોખી સ્કૂલો

# માત્ર પાઠ્ય પુસ્તકોનું જ્ઞાન જ નહીં જીવન જીવવાની કળા પણ શીખવે

આમ તો સુરત સિટીમાં ઘણી સ્કૂલો છે જે બાળકોને આંતરરાષ્ટ્રીય લેવલનું એજ્યુકેશન ઉપરાંત સ્પોર્ટ્સ એક્ટિવિટી કરાવીને બાળકોને વિવિધ રમતોના સારા પ્લેયર્સ બનાવે છે. જોકે, બધા જ બાળકો મોટા થઈને ડૉકટર, એન્જીનીયર કે સ્પોર્ટ્સમેન નથી બનવાના એટલે હવે થીમ બેઝ્ડ એજ્યુકેશન આપતી સ્કૂલોનો કોન્સેપ્ટ આવ્યો છે. આવી અનોખી સ્કૂલો લાઈફ સ્કિલ બેઝ્ડ એજ્યુકેશન અંતર્ગત બાળકોને જે ફિલ્ડમાં રુચિ હોય તેનું નોલેજ આપી રહી છે. થીમ બેઝ્ડ સ્કૂલો એટલે કેવી સ્કૂલો, આ સ્કૂલો કઈ પદ્ધતિઓથી એજ્યુકેશન આપે છે, એ સવાલ તમને થતો હશે ને! સ્કૂલમાં જઈને વિદ્યાર્થી ખેતી કરતા શીખે, કચૂકા અને પિસ્તાના ફોતરાથી ગણિત શીખે. સંસ્કૃતમાં ગણિત શીખે. લાગીને નવાઈ આ જાણીને! પણ આવી અનોખી સ્કૂલો સુરત સિટીમાં છે. આ સ્કૂલો બાળકોને લાઈફ સ્કિલ એજ્યુકેશન આપે છે જેથી બાળક ફક્ત બુકિશ ન રહીને તેણે મેળવેલા સ્કિલ બેઝ્ડ એજ્યુકેશનથી તેનું ભવિષ્ય બ્રાઈટ બનાવી શકે છે. તો ચાલો, અનોખું લાગે તેવું ક્યા પ્રકારનું એજ્યુકેશન સ્કૂલો આપી રહી છે તે અહીં જાણીએ...




## સ્કૂલ દ્વારા બાળકોને ખેતી કરતા અને રોટલી બનાવતા પણ શીખવાડાય છે

ઉધના મગદલ્લા રોડ પર સ્થિત સ્કૂલમાં બાળકોને પીલુડી (વૃક્ષો)ની નીચે કુદરતી વાતવારણમાં ભણાવાય છે. સ્કૂલના કેમ્પસમાં એક કોર્નરમાં ખેતર જેવું બનાવાયું છે જ્યાં વિદ્યાર્થીઓને ખેતીકામ શીખવાડવામાં આવે છે. સ્કૂલના આચાર્ય ડૉ. દર્પણા પટેલ અને પારુલબેન ગાંધીએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓને કઈ રીતે બિયારણ રોપવું, કઈ રીતે પાણી આપવું તે શીખવાડવામાં આવે છે. સ્કૂલમાં કલાસ રૂમ બહુ ઓછા છે. બાળકોને ચર્ચાલક્ષી શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને જે વિષય પર ચર્ચા કરવી હોય તે કરી શકે છે. ઈલેક્ટ્રિક વસ્તુઓ રીપેર કરતા શીખવાડાય છે. છોકરા-છોકરીઓને રોટલી વણતાં અને શેકવાનું શીખવાડાય છે. બાળકોને ડુમસ અને વિવિધ ગામોમાં સાયકલ પ્રવાસ કરાવાય છે. જૂનાગઢનો પ્રવાસ હતો તો સાયકલો ટ્રકમાં લઈ ગયા અને ત્યાં આખું જૂનાગઢ સાયકલ પર વિદ્યાર્થીઓ ફર્યા. બાળકોને ઝાડ જેને પીલુડી કહે છે તેની છાયામાં ભણાવાય છે. વરસાદની સિઝનમાં બાળકોને ડોમમાં ભણાવાય છે. બાળકોને પિક્ચરથી ભણાવાય છે પુસ્તકો નથી હોતા. 10માંનું રિઝલ્ટ આ વખતે 100 ટકા આવ્યું હતું. વળી, અહીં તો બાળકોને ગણિત પિસ્તાના છોતરા અને કચૂકાથી શીખવાડાય છે.



## ગણિત અને સમાજ વિજ્ઞાન પણ સંસ્કૃતમાં જ ભણાવાય

અડાજણમાં સ્થિત સ્કૂલમાં ગણિત, વિજ્ઞાન અને યોગ શિક્ષણ સંસ્કૃતમાં જ આપવામાં આવે છે. આ મહાવિદ્યાલયના સ્થાપક અશોક જોષી દ્વારા જણાવવામાં આવ્યું કે, અહીં 9માં ધોરણથી લઈને 12માં ધોરણ સુધી અને કોલેજના પ્રથમ વર્ષથી લઈને ત્રીજા વર્ષ સુધી BAની કોલેજ છે. વિદ્યાર્થીઓએ ગુરુકુળની પરંપરા પ્રમાણે ધોતી અને કફની પહેરવાના હોય અને અહીં જ રહેવાનું હોય. બાળકો આસન પર બેસીને નાના ડેસ્ક પર ચોપડા મૂકીને ભણે છે. ભોજન પણ જમીન પર આસન પાથરીને લેતાં હોય છે. વિદ્યાર્થીઓની બર્થડે કેક કાપીને નહીં ઉજવાય પણ ગોળ ખવડાવીને અને સમૂહમાં વૈદિક મંત્રો બોલીને દીર્ઘાયુષ્ય માટે શુભકામના પાઠવાય છે. સંસ્કૃતમાં જન્મદિવસનું ગીત ગાવામાં આવે છે. અહીં માત્ર છોકરાઓને ભણાવાય છે અને તેમને વિદ્યાર્થી નહીં પણ ઋષિકુમાર કહેવાય છે. અહીં વિદ્યાર્થીઓ મહારાષ્ટ્ર, સુરત, સમગ્ર ગુજરાત, રાજસ્થાન, ચેન્નઈ, ગંતુર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને બિહારથી પણ ભણવા આવે છે. રોજ સવારે વિદ્યાર્થીઓની પ્રભાત ફેરી નીકળે જેમાં વેદ મંત્રો બોલાય છે અને માતૃ અને પિતૃ પૂજન થાય છે.



## ટેલિસ્કોપથી નોલેજ અપાય, સુથારીકામ અને પ્લમબિંગનું કામ શીખવાડાય છે

નરથાણ દાંડી રોડ પર સ્થિત સ્કૂલમાં પણ બાળકોને એવી ઘણી બધી સ્કીલનું પ્રેક્ટિકલ નોલેજ અપાય છે જેથી બાળક ભવિષ્યમાં તે ફિલ્ડમાં આગળ વધી શકે છે. સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી ડો. ભરતભાઇ નાકરાણીએ જણાવ્યું કે, અમારી સ્કૂલમાં બાળકોને સ્કિલ બેઝ્ડ એજ્યુકેશનમાં સુથારીકામ, પ્લમબિંગનું કામ, ઈલેક્ટ્રિશ્યનનું કામ, સ્ટીચિંગનું કામ શીખવાડાય છે. બાળક નેચર સાથે કનેક્ટ થઈ શકે તે માટે સ્કૂલ કેમ્પસમાં વૃક્ષો નીચે બાળકોને ભણાવાય છે. બાળકોને યોગાભ્યાસમાં પારંગત બનાવવા માટે તેમને યોગમાં પિરામિડ બનાવવાનું ઉપરાંત બાળકોની બોડી એકદમ ફ્લેક્સીબલ બને તે રીતે તેમને વિવિધ યોગાસન શીખવાડવામાં આવે છે. અમારી સ્કૂલમાં તો બાળકો વેસ્ટમાંથી બેસ્ટ બનાવતા પણ શિખે છે. તે અંતર્ગત એક વિદ્યાર્થીએ વેસ્ટમાંથી એવું ગિટાર બનાવ્યું છે કે જે વગાડી પણ શકે છે.

## આ સ્કૂલમાં બાળકોની બર્થડે પર યજ્ઞ થાય


અશ્વનીકુમાર સ્થિત સ્કૂલમાં વિદ્યાર્થીઓ ટીચરને દીદી અને સરને ગુરુજી કહીને બોલાવે. સ્કૂલના વિજ્ઞાન વિભાગના HOD ચેતન જોષી દ્વારા જણાવવામાં આવ્યું કે, આ સ્કૂલ અનોખી એ રીતે તરી આવે છે કે શિશુ વાટિકામાં બુકલેસ શિક્ષણ આપવામાં આવે છે. બાળકોને રમતા રમતા એજ્યુકેશન આપવામાં આવે છે. દરેક કક્ષના નામ છે. અહીં વર્ગ ખંડને ક્લાસ રૂમ નથી કહેતા પણ કક્ષ કહે છે. દરેક કક્ષને આપણી સંસ્કૃતિ મુજબ લવ-કુશ, અહિલ્યા, મીરા, સહદેવ, નકુલ, ઋષિ મુનિના નામ, આપણા ભારતીય વૈજ્ઞાનિકોના નામ અપાયા છે. બાળકોની બર્થડે પર કેક નથી કાપતા પણ યજ્ઞ કરાય છે અને બાળકને ફૂલોનો હાર પહેરાવાય છે. સ્કૂલમાં યજ્ઞ શાળા બનાવવામાં આવી છે. બાળકો ભોજન કરે કે અલ્પાહાર કરે ત્યારે જમીન પર બેસીને અને ભોજન મંત્ર કરીને જમે. બાળકો ને વૈદિક ગણિત શીખવાડવામાં આવે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો કોન્સેપ્ટ આ સ્કૂલમાં પહેલાથી છે. બાળકો પોતાના કામ જાતે કરે. શાકભાજી પણ સમારે. સિલાઈ કામ શીખવાડવામાં આવે છે. અહીં બાળાઓ નિયમિત કપાળે ચાંદલો કરે અને હાથમાં લાલ બંગડી પહેરે તથા ચોટલો વાળે.






**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**

## અલ-નીનો થયો લા-નીનો અને 'મેઘો' ભારે જામ્યો, ગરક થયું શહેર પાણીમાં અને લોક ભારે નુકસાન પામ્યો...



**આવે આકાશી આફત અને પડે જો ભારે વરસાદ, જો તંત્રની હોય બેદરકારી તો માત્ર ભગવાનની જ રહે આશ... વરસાદની મોજ પણ છે અને એટલો જ પાણીનો બોજ પણ છે, જો રસ્તાઓ થાય તરબોળ તો વાહનોને ધક્કાની પણ શોધ છે... માણે કેટલાક વરસાદને અને કરે રસ્તા જામ, વાહનો માટે તો એ રસ્તાનો વિકલ્પ રહે માત્ર ટ્રાફિક જામ... પાણી હોય રસ્તા પર તો આવે ઘણી મજા, જો એ જ પાણી ઘૂસે ઘરમાં તો ભારે નુકસાનની સજા...**

**સુરત શહેરનું નામ પડે એટલે ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગ મનમાં ઝબકી જાય, પરંતુ આ બંને ઉદ્યોગો કરતા જૂનો અને સુરતની અસલી ઓળખ સમાન કોઈ ઉદ્યોગ હોય તો તે જરી ઉદ્યોગ.. સુરતની જરીનો ઈતિહાસ સદીઓ જૂનો અને સોનેરી રહ્યો છે. મોગલકાળથી લઈ આજના આધુનિક યુગ સુધી સુરતની જરીએ દેશવિદેશમાં પોતાનો ડંકો વગાડ્યો છે. તો સુરતના જરી ઉદ્યોગના આ ભવ્ય ઈતિહાસ પર એક નજર કરીએ...**

# જરી - ચમકતા તાર સાથે સુરતનો નાતો...

સુરતમાં જરીકામની શરૂઆત આશરે ૧૪મી કે ૧૫મી સદી દરમિયાન થઈ હોય એવું મનાય છે. જોકે તેનો ખરો વિકાસ મોગલ સામ્રાજ્ય દરમિયાન થયો હતો. એક સમયે તે શાહી પોશાકની શાન હતી. મોગલ બાદશાહોના સમયમાં જરીની માંગ ટોચ પર હતી. તેઓ જે કંઈ પહેરતાં તેની વિશ્વ બજાર પર અસર પડતી એવો તેમનો દબદબો હતો એટલે ભારતના રાજામહારાજાઓ, બેગમો, દરબારીઓ તો આ સોનાચાંદીના જરીના વસ્ત્રો ધારણ કરતા જ; પણ તેની માંગ ભારત બહારના રાજારજવાડાઓમાં પણ ખૂબ રહેતી. ત્યારે સુરત "બાબુલ મક્કા" એટલે કે મક્કાનું પ્રવેશદ્વાર કહેવાતું. હજયાત્રાએ જતા મુસાફરો અને વિદેશી વ્યાપારીઓ અહીંથી મોટા પ્રમાણમાં જરી અને જરીનાં વસ્ત્રો આરબ દેશો, ઈજીપ્ત અને યુરોપ સુધી લઈ જતા.

પહેલાંનાં જમાનામાં તો કોઈ રજવાડા રાજકુટુંબમાં લગ્ન હોય કે નવાબનાં ઘરમાં શાદી હોય તો આ સુરતનો જરીવણાટ કરતો શેઠિયો જરીમાલની નાનકડી પોઠ લઈને મહિના પહેલાં ત્યાં જતો અને એ જમાનામાં એકાદ લાખ જેટલો માલ ખપી જતો એવી નોંધ મળે છે. એ સોંઘવારીના જમાનામાં એકાદ લાખ એટલે બહુ મોટી રકમ ગણાતી.






જોકે ૧૯મી સદીના અંત સુધીમાં અને ૨૦મી સદીની શરૂઆતમાં મશીનરીના આગમન અને બદલાતા પ્રવાહોને કારણે આ ઉદ્યોગે થોડો ચઢાવ ઉતાર જોયો પરંતુ સુરતના કુશળ કારીગરોએ પેઢી દર પેઢી 'અસલી જરી' બનાવવાનો જટિલ અને મહેનત માંગી લે એવો વ્યવસાય જીવંત રાખ્યો છે.

સુરત વાસ્તવમાં કારીગરોનું શહેર છે. અહીં જે કોઈ પણ આવ્યું છે એ કંઈ ને કંઈ મેળવ્યા વિના પાછું નથી ગયું. આજે પણ કાચી જરીનાં તાર વણવામાં સુરતની રાણા અને ખત્રી જ્ઞાતિની માસ્ટરી ગણાય છે. જોકે ખત્રીઓ હવે આ વ્યવસાયમાં ગણ્યા ગાંઠ્યા જ રહ્યા છે, પણ રાણા જ્ઞાતિએ પોતાના બાપદાદાથી મળેલો એ વારસો હજુ જાળવી રાખ્યો છે. જોકે સુરતમાં આ જરી ઉદ્યોગ શરૂ કરવાનું શ્રેય કણબી જ્ઞાતિને જાય છે. રાણા જ્ઞાતિ જરી બનાવવાનાં હુન્નરમાં એક્કા છે. રાણા કોમ આજે પણ જરીવણાટ માટેનો કાચો માલ, કસબ, ચાંદીના તાર, તાસો જાતે ઉત્પન્ન કરે છે. પણ આ કળા અને હુન્નર તેઓ પોતાના પરિવાર સુધી જ સીમિત રાખે છે. આખાંને આખાં કુટુંબો જરીવણાટ અને તેને અનુસંગી કામોમાં રોકાયેલા રહેતા હોય છે. બારથી ચૌદ કલાકનો અખંડ શ્રમ આબાલવૃદ્ધ, સ્ત્રીઓ સૌ કરે છે.

જરી ઉદ્યોગ સુરતમાં ફૂલ્યોફાલ્યો છે કારણ કે અહીં કારીગરો છે, જરીને સમજતા, જાણતા કસબીઓ છે એ તો ખરું જ. સાથે સુરતનું હવામાન પણ જવાબદાર છે; અહીં ચાંદીના તાર ઝાંખા નથી પડતા અને એક તોલા ચાંદીમાંથી આશરે સવા બસો વાર લાંબો તાર ખેંચી શકાય છે. આર્ટીફીશ્યલ જરીમાં હવે બીજા પ્રદેશોએ પણ ઝંપલાવ્યું છે, પણ જ્યાં સોનાચાંદીના તારની બનેલી જરીની વાત આવે ત્યાં સુરતની કારીગરી જ યાદ આવે છે. આજે આપણે કાંજીવરમ, બનારસી, કર્ણાટકી સાડીઓમાં જે જરી જોઈએ છે, એ સોનાચાંદીના તારની જે જરી હોય છે તે અહીં સુરતથી જ મોકલવામાં આવે છે. આ સુરતનો વારસો છે, કળા છે, કસબ છે.

આજે પણ સુરતની મૂળ કહેવાતી જ્ઞાતિઓ 'કખગઘ' એટલે કણબી, ખત્રી, ગોલારાણા, ઘાંચીમાં એવી પરંપરા છે કે સામાન્યમાં સામાન્ય કુટુંબ પણ પોતાની વહુ-દીકરીઓને લગ્ન અને સીમંત જેવા પ્રસંગોએ સોનાચાંદીના તારનાં વસ્ત્રો આપે છે. આ તેમનું 'સ્ત્રીધન' માનવામાં આવે છે. કસબ પરંપરામાં ફેરવાય તેનું આ ઉદાહરણ છે.

> **રાણા જ્ઞાતિ જરી બનાવવાનાં હુન્નરમાં એક્કા છે. રાણા કોમ આજે પણ જરીવણાટ માટેનો કાચો માલ, કસબ, ચાંદીના તાર, તાસો જાતે ઉત્પન્ન કરે છે. પણ આ કળા અને હુન્નર તેઓ પોતાના પરિવાર સુધી જ સીમિત રાખે છે. આખાંને આખાં કુટુંબો જરીવણાટ અને તેને અનુસંગી કામોમાં રોકાયેલા રહેતા હોય છે. બારથી ચૌદ કલાકનો અખંડ શ્રમ આબાલવૃદ્ધ, સ્ત્રીઓ સૌ કરે છે**

સુરતનો જરીઉદ્યોગનો ઈતિહાસ એ માત્ર વેપારનો નથી, પરંતુ એ કારીગરોની અદ્ભુત કળા, ધૈર્ય અને બદલાતા સમય સાથે અનુકુલન સાધવાની ક્ષમતાની વાર્તા છે. સદીઓ પછી પણ સુરતની જરીની ચમક ઝાંખી નથી પડી તે આજે પણ વૈશ્વિક બજારમાં ભારતનું ગૌરવ વધારી રહી છે એ સુરતી તરીકે આપણે સૌએ ગૌરવ લેવા જેવી વાત છે.

**વારસાની વરિયાળી**

**ગાયકવાડ સરકારે પણ એક સમયે વડોદરા રાજ્યની હુન્નર શાળામાં એ બનાવવાના અખતરા કરેલા; તે માટે તેઓ ખાસ અહીં સુરતથી જરી બનાવવાનું કસબ જાણતા કેટલાંય કારીગરોને વડોદરા લઈ ગયા હતા, પણ તેઓ નિષ્ફળ રહ્યા હતા.**